# ૧૦. વિવિધ સમિતિઓ અને વિભાગના અહેવાલ - શૈ.વર્ષ : ૨૦૨૧-૨૨

## ૧૦.૧.વિવિધ સમિતિઓનાં અહેવાલ - શૈ.વર્ષ : ૨૦૨૧-૨૨

### ૧૦.૧.૧ સપ્તધારા સમિતિનો અહેવાલ -શૈ.વર્ષ:૨૦૨૧-૨૦૨૨

પ્રા. ડૉ. નિમુબેન ચૌધરી – અધ્યક્ષ,
પ્રા. યોગેશ ટંડેલ – ઉપાધ્યક્ષ,
સપ્તધારા સમિતિ

આજદિન પહેલાના માનવ ઇતિહાસમાં ક્યારેય ન બન્યુ હોય એટલું વિજ્ઞાન અને ટેકનોલોજીનો અમાપ વિકાસ સમગ્ર વિશ્વભરમાં દષ્ટિપાત કરીએ તો અનુભવી શકીએ છીએ કે મોટાપાયે માનવ બુધ્ધિનું સ્થળાંતર અને સાથે જ વિશ્વ એક ગામડામાં પરિવર્તન થઇ રહ્યુ છે. ભારત વૈશ્વિક મહાશક્તિ અને વિશ્વનું પથદર્શક રાષ્ટ્ર બનવા જઇ રહ્યુ છે ત્યારે આપણા સૌની સ્વાભાવિકજ ફરજ બને છે કે આપણા રાજ્યનો દરેક નાગરિક તેની બહુવિધ ક્ષમતા સાથે દરેક ક્ષેત્રમાં નેતૃત્વ કરવા માટે યોગ્ય અને સજ્જ હોય.

ગુજરાતનો વિદ્યાર્થી વધુ સજ્જતા કેળવે, તેનામાં રહેલી કુદરતી શક્તિઓ અને પ્રવર્તમાન વૈશ્વિક સ્પર્ધાના સંસારમાં એ વધુ બળવત્તર બની શકે તે માટે ભારત અને ગુજરાત સરકાર સહિત ઉચ્ચ શિક્ષણશ્રીની કચેરી ગાંધીનગર સતત ચિંતન અને મનન કરતી રહે છે. સને ૨૦૦૯માં માનનીય મુખ્યમંત્રીશ્રી, શિક્ષણમંત્રીશ્રીઓ, રાજ્ય અને શિક્ષણ વિભાગના ઉચ્ચત્તમ પદાધિકારીઓ, તમામ વિશ્વ વિદ્યાલયોના માન.કુલપતિશ્રીઓ, શિક્ષણશાસ્ત્રીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓના વિચારમંથનને અંતે યુવાનોના સર્વાંગીણ વિકાસ માટેનું ઉતકૃષ્ટ અભિયાન નક્કી કરવામાં આવ્યું હતુ. ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે નવી નીતિઓ, યોજનાઓ અને પ્રચંડ પુરૂષાર્થ વડે વિદ્યાર્થીઓમાં નવુ ઓજસ પાથરવા માટે નવી ચેતના, નવા-નવા બદલાવ દ્વારા સમગ્ર સમાજ ઘડતરનો ઉમદા પ્રયાસ એટલે **'સપ્તધારા'**

યુવાનોના સર્વાંગીણ વિકાસને "શિક્ષણ, કલા અને જ્ઞાન"ના ત્રિવેણી સંગમ થકી વિવિધ સ્વરૂપો દ્વારા વિદ્યાર્થીઓના ભાવિ ને ઉજાગર કરવા સને:૨૦૦૯ થી જ્ઞાનની સાતધારાઓ એટલે કે 'સપ્તધારા'ની શરૂઆત કરવામાં આવી. 'સપ્તધારા' યોજના વિદ્યાર્થીના બહુમુખી વ્યકતિત્વને ઘડવા અને એનામાં રહેલી અભિવ્યક્તિ ક્ષમતાને પ્રોત્સાહિત કરે છે. દરેક વિદ્યાર્થી પાસે કંઇક આગવી શક્તિ હોય છે. તેમની સુસુપ્ત શકતિઓને જાગૃત કરી વિકાસને પ્રેરિત કરે એવા પ્રયાસો કોલેજ કક્ષાએથી કરવામાં આવે છે. અને વધુ ને વધુ વિદ્યાર્થીઓ વિવિધ પ્રવૃતિઓમાં જોડાય એવા સૌના સહિયારા પ્રયત્નો રહે છે. આખા ગુજરાતનો યુવાવર્ગ સપ્તધારાની સરગમથી વૈવિધ્યવતી એકતાનો અનુભવ કરે. સાંસ્કૃતિક આદાન-પ્રદાન થાય તે ખૂબ જરૂરી છે.

વિદ્યાર્થીઓની જીવન પ્રત્યેની દૃષ્ટિ વિશાળ બને તે સમાજ, રાષ્ટ્ર અને માનવજાત પ્રત્યેના રૂણને સ્વીકારતો થાય અને તે પ્રત્યે સભાનતા કેળવે, સાંસ્કૃતિક તેમજ સામાજિક વારસાને સમજવાની, વિકસાવવાની અને તેના મૂલ્યોને આત્મસાત કરે, જ્ઞાન અને પ્રજ્ઞાન સુધી પહોંચી ઉત્તમ નાગરિક બનવા તે હંમેશા પ્રયત્નશીલ રહે, વૈજ્ઞાનિક અભિગમ કેળવી, શિક્ષણની મૂળ વિભાવનાની સમજ પ્રાપ્ત કરી વિવિધ અવસરો થકી તે પોતાના વ્યકતિત્વ વિકાસ થકી સમાજ, રાષ્ટ્ર અને વિશ્વનું ચિંતન કરતો થાય એ ખૂબ જરૂરી છે આ હેતુને સિધ્ધ કરવા માટે વિદ્યાર્થી જ્ઞાનની આરાધના અને પ્રક્રિયામાં જોડાય તે આશયથી કોલેજ કક્ષાએ સાતેય જ્ઞાનની શાખાઓની રચના IQAC કમિટી અને તે દ્વારા આચાર્યશ્રીના નિર્દેશન તેમજ અધ્યક્ષપણા હેઠળ જે અધ્યાપકને જે ધારામાં રસ હોય તે રસને ધ્યાનમાં લઇ એમના કૌશલ્ય અનુરૂપ ઓછામાં ઓછા બે વિદ્યાર્થી પ્રતિનિધિ સહિત તેમની કુશળતાને આધારે દરેક ધારા જેમકે જ્ઞાનધારા, ગીત-સંગીત નૃત્યધારા, રંગકલા કૌશલ્ય ધારા,સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા, નાટ્ય ધારા, સામુદાયિક સેવાધારા, વ્યાયામ, યોગ ખેલકૂદ ધારા અંતર્ગત પ્રતિવર્ષ એક કાર્યચાલક સમિતિની રચના કરવામાં આવે છે. સમગ્ર વર્ષ દરમિયાન જે તે ધારા હેઠળ વિવિધ કાર્યક્રમો આયોજિત કરવામાં આવે છે. વિધવિધ સ્પર્ધા, ઉત્સવની ઉજવણીનો ભાવ કેળવાય અને તે સાથે વધુમાં વધુ વિદ્યાર્થીઓ વ્યક્તિત્વ વિકાસની પ્રક્રિયામાં સહભાગી બને તે માટે દરેક કમિટિ સતત પ્રયત્નશીલ રહે છે. વિદ્યાર્થીઓમાં વકતૃત્વ કલા, લેખન કૌશલ્ય, કલ્પના શક્તિ, હસ્ત કૌશલ્ય, તેમના રહેલી આંતરશક્તિને અભિવ્યક્ત કરવાનો અવસર વિદ્યાર્થીઓની ભાવિ કારકિર્દીને ઉજ્જવળ બનાવવા માટે સતત પ્રયત્નશીલ રહેતા અને ઉત્સાહી એવા કોલેજના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબની રાહબરી હેઠળ વિવિધ ક્રાયક્રમોનું આયોજન કરવામાં આવે છે.

સમગ્ર વર્ષ દરમિયાન જુદી જુદી ધારા અંતર્ગત વિવિધ પ્રવૃતિઓ જેમકે વિશ્વયોગ દિવસ, પર્યાવરણ દિવસ, વૃક્ષારોપણ, વિવિધ મહાનુભાવોની જન્મ જયંત્તિ જેમકે વિશ્વ મહામાનવ અને અહિંસાના પૂજારી પૂજ્ય મહાત્મા ગાંધી, લાલ બહાદુર શાસ્ત્રી, લોખંડી પુરૂષ સરદાર વલ્લભાઇ પટેલ, શિક્ષણ જગતના સરતાજ ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણન્, અટલબિહારી વાજપેયી, યુવાનોના પ્રેરણાસ્ત્રોત સ્વામી વિવેકાનંદ, બંધારણના ઘડવૈયા ડૉ.બાબા સાહેબ આંબેડકર, પરાક્રમી નેતાજી સુભાષચંદ્ર બોઝ, કવિ નર્મદ, રાષ્ટ્રીય કવિ ઝવેરચંદ મેધાણી તેમજ સ્વાતંત્ર્ય દિન, પ્રજાસત્તાક પર્વ, બંધારણ દિવસ, મતદાતા દિવસ, મહિલા દિવસ, રાષ્ટ્રીય યુવા દિન, સદભાવના દિવસ અને સાફ-સફાઇડે, રમત-ગમત દિવસ, ક્વિઝ, વકતૃત્વ, ચિત્રસ્પર્ધા, નાટય વગેરેનું આયોજન કરવામાં આવે છે.શૈક્ષણિક વર્ષ:૨૦૨૧-૨૦૨૨ દરમિયાન થયેલ પ્રવૃતિની એક ઝલક નીચે મુજબ.

# શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧-૨૨ સપ્તધારા સમિતિ

| જ્ઞાનધારા | | | |
|---|---|---|---|
| ક્રમ | અધ્યાપક / વિદ્યાર્થી સભ્યનું નામ | વર્ગ / રોલ નં. | મોબાઇલ નંબર |
| 1 | પ્રા. નીમુબેન સોમાભાઈ ચૌધરી | અધ્યક્ષ-ઇતિહાસ | 9925696076 |
| 2 | પ્રા. મનિષાબેન આર. જોગીયા | ઉપાધ્યક્ષ- હિન્દી | 98243 22689 |
| ગીતસંગીત નૃત્યધારા | | | |
| ક્રમ | અધ્યાપક / વિદ્યાર્થી સભ્યનું નામ | વર્ગ / રોલ નં. | મોબાઇલ નંબર |
| 1 | પ્રા. યોગેશભાઈ એન. ટંડેલ | અધ્યક્ષ-સંસ્કૃત | 9978764636 |
| 2 | પ્રા. ખુમરાજ કે મહેતા | ઉપાધ્યક્ષ- અર્થશાસ્ત્ર | 7858664216 |
| સર્જનાત્મક અભિવ્યક્તિધારા | | | |
| ક્રમ | અધ્યાપક / વિદ્યાર્થી સભ્યનું નામ | વર્ગ / રોલ નં. | મોબાઇલ નંબર |
| 1 | પ્રા. મીનાક્ષીબેન આર. પટેલ | અધ્યક્ષ - ગુજરાતી | 98797 45061 |
| 2 | પ્રા. ચેતનાબેન પટેલ | ઉપાધ્યક્ષ | 96879 43050 |
| રંગ - કલા કૌશલ્યધારા | | | |
| ક્રમ | અધ્યાપક / વિદ્યાર્થી સભ્યનું નામ | વર્ગ / રોલ નં. | મોબાઇલ નંબર |
| 1 | પ્રા. દિનાબેન એમ.પટેલ | અધ્યક્ષ-મનોવિજ્ઞાન | 94274 87224 |
| 2 | પ્રા. પારુલબેન ટી. ચૌધરી | ઉપાધ્યક્ષ- હિન્દી | 9913540047 |
| સમુદાય સેવાધારા | | | |
| ક્રમ | અધ્યાપક / વિદ્યાર્થી સભ્યનું નામ | વર્ગ / રોલ નં. | મોબાઇલ નંબર |
| 1 | પ્રા. સુનિલભાઈ એમ. જાદવ | ઉપાધ્યક્ષ | 99133 18094 |
| 2 | પ્રા. જમનાબેન એન. પટેલ | અધ્યક્ષ-ગુજરાતી | 94268 47187 |
| નાટ્યધારા | | | |
| ક્રમ | અધ્યાપક / વિદ્યાર્થી સભ્યનું નામ | વર્ગ / રોલ નં. | મોબાઇલ નંબર |
| 1 | પ્રા. જયશ્રીબેન એસ. પટેલ | અધ્યક્ષ | 97247 00789 |
| 2 | પ્રા. ચીમનભાઇ એમ. ચૌધરી | ઉપાધ્યક્ષ | 9712374995 |
| વ્યાયામ, યોગ, ખેલકૂદધારા | | | |
| ક્રમ | અધ્યાપક / વિદ્યાર્થી સભ્યનું નામ | વર્ગ / રોલનં. | મોબાઇલ નંબર |
| 1 | પ્રા. બીપીનચંદ્ર એસ. પટેલ | અધ્યક્ષ | 99254 78498 |
| 2 | પ્રા. સુનિલભાઈ એમ. જાદવ | ઉપાધ્યક્ષ | 99133 18094 |

## ૧. જ્ઞાનધારા :

**તા.૨૩/૦૭/૨૦૨૧ - સપ્તધારા અંતર્ગત 'ગુરુપૂર્ણિમા'ના પાવન પર્વની ઉજવણી**







**સંસ્થાના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબશ્રીના માર્ગદર્શન તથા IQAC કૉ-ઓર્ડિનેટર શ્રી ધર્મરાજ ટૅંભરેના અધ્યક્ષપણા હેઠળ સપ્તધારા અંતર્ગત 'ગુરુપૂર્ણિમા'ના પાવન પર્વની ઉજવણી કરવામાં આવી, જેમાં કૉલેજના ૯૬ વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સમગ્ર કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.**

# તા.૦૪/૦૯/૨૦૨૧ – શિક્ષક દિન








ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિન નિમિત્તે કૉલેજમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી, જેમાં કૉલેજના વિદ્યાર્થીઓએ અધ્યાપન કાર્ય તથા વહીવટી કાર્યની સંપૂર્ણ જવાબદારી ઉપાડી લીધી હતી, જેમાં કૉલેજના જી.એસ. પટેલ હરિકુષ્ણે આચાર્યની જવાબદારી નિભાવી હતી.

## તા.૦૫/૧૦/૨૦૨૧ – આંતરરાષ્ટ્રીય શિક્ષક દિન








આજના દિને પણ વિદ્યાર્થીઓએ શિક્ષણકાર્ય તથા વહીવટીકાર્યની સંપૂર્ણ જવાબદારી ઉપાડી લીધી હતી. જેમાં કૉલેજના જી.એસ. પટેલ હરિકુષ્ણે આચાર્યની જવાબદારી નિભાવી હતી.

## તા.૩૦/૧૦/૨૦૨૧ - સરદાર વલ્લભભાઈ પટેલ વકતૃત્વ કાર્યક્રમ






જ્ઞાનધારા અંતર્ગત સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિન નિમિત્તે વકતૃત્વનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કૉલેજના વિદ્યાર્થીઓએ અલગ અલગ વિષયો ઉપર પોતાનું વકતૃત્વ રજૂ કર્યું હતું.

## ૨. ગીતસંગીત નૃત્યધારા :

### તા.૦૯/૦૮/૨૦૨૧ - વિશ્વ આદિવાસી દિવસ













વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓ સમક્ષ આદિવાસીઓની લોકબોલીમાં પ્રસંગોચિત વક્તવ્ય રજૂ કરતા પ્રા. ખુમરાજ કે. મહેતા

તા. તા.૦૯/૦૮/૨૦૨૧નાં રોજ ગરબા રમતા વિદ્યાર્થીઓ








## તા.૧૩/૦૮/૨૦૨૧ - ગીતસંગીત નૃત્યધારા અંતર્ગત ‘દેશભક્તિ ગીતસ્પર્ધા’













**સંસ્થાના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબશ્રીના માર્ગદર્શન તથા IQAC કૉ-ઑર્ડિનેટર શ્રી ધર્મરાજ ટૅભરેના અધ્યક્ષપણા હેઠળ ગીતસંગીત નૃત્યધારા અંતર્ગત ‘દેશભક્તિ ગીતસ્પર્ધા’નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કૉલેજના ૧૯ વિદ્યાર્થીઓએ ભાગ લઈ કાર્યક્રમની શોભા વધારી હતી.**









તાલુકા કક્ષાએ રાષ્ટ્રગીત અંગે પ્રેક્ટીસ





ખેરગામ તાલુકા કક્ષાએ રાષ્ટ્રગીતના ગાન માટે પ્રેક્ટીસ કરતા કોલજના વિદ્યાર્થીઓ.

## તા.૩૧/૦૮/૨૦૨૧ - ગીતસંગીત નૃત્યધારા અંતર્ગત જન્માષ્ટમી ઉત્સવ નિમિત્તે 'ભક્તિ-ભજન'















ગીતસંગીત નૃત્યધારા અંતર્ગત સંસ્થાના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ જન્માષ્ટમી ઉત્સવ નિમિત્તે 'ભક્તિ-ભજન'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો, ત્યાર બાદ મટકીફોડનું આયોજન કરી આરતી દ્વારા કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી.


## ૩. સર્જનાત્મક અભિવ્યક્તિધારા :


આઝાદી અમૃત મહોત્સવ કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે "કસુંબીનો રંગ ઉત્સવની ઉજવણી"

૨૮/૦૮/૨૦૨૧ થી ૦૪/૦૯/૨૦૨૧ દરમિયાન સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અંતર્ગત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કૉલેજના કુલ ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં લાડ ખુશ્બુ કિરણભાઈ (SYBA, ROLL NO. 1) પ્રથમ ક્રમે, પટેલ મહેશ્વરી રાજેશભાઈ (TYBA, ROLL NO. 130) દ્વિતીય ક્રમે તથા પટેલ વૈશાલીબેન શંકરભાઈ (TYBA, ROLL NO. 28) અને પટેલ અંજલીકુમારી મહેન્દ્રભાઈ (TYBA, ROLL NO. 128) તૃતીય ક્રમે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.


Lad Khushbu Kiranbhai
S.Y.B.A
Roll no :- 1


Name :- Patel Maheshwariben Rajeshbhai
Std. :- T.Y.B.A
Sub. :- આઝાદીની લડતમાં સ્ત્રીઓની ભૂમિકા
Roll No. :- 130
College :- Government Arts and Commerce College Khergam.


શૈક્ષણિક વર્ષ :- 2021-22
સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ ખેરગામ
નામ :- પટેલ વૈશાલીબેન શંકરભાઈ
વર્ગ :- T.Y.B.A.
રોલ નં :- 28
વિષય :- નિબંધ લેખન
આઝાદીની લડતમાં સ્ત્રીઓનું મહત્ત્વ


સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ ખેરગામ
નામ :- પટેલ અંજલીકુમારી મહેન્દ્રભાઈ
વર્ગ :- TY.B.A.
રોલ નં :- 128
વર્ષ :- 2021-22
વિષય :- નિબંધ લેખન
આઝાદી ની લડતમાં સ્ત્રીઓનું મહત્ત્વ

## ૪. રંગકલા-કૌશલ્ય ધારા :

**તા.૧૪/૦૮/૨૦૨૧ – આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સ્વાતંત્ર્ય પર્વ નિમત્તે રંગોળી સ્પર્ધા**










## ૫. સમુદાય સેવાધારા :

### તા.૦૨/૦૭/૨૦૨૧ - કૉલેજ કેમ્પસમાં '૭૨મો વન મહોત્સવ'ની ઉજવણી




'૭૨મો વન મહોત્સવ'ની ઉજવણીના ભાગરૂપે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરતા રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો, કૉલેજના આચાર્યશ્રી, પ્રોગ્રામ ઓફિસરો, સામાજિક વનીકરણ વિભાગ નવસારી, રેન્જ ફોરેસ્ટ ચીખલીના R..F.O.શ્રી મૌલિકભાઈ પ્રજાપતિ તથા તેમનો સ્ટાફ, ભૂતપૂર્વ કોલેજનાં વિદ્યાર્થીમંડળના પ્રમુખશ્રી અંકુરભાઈ શુક્લ તેમજ અધ્યાપકો તથા બિન-શૈક્ષણિક સ્ટાફ, હોમગાર્ડ યુનિટ ડીપાર્ટમેન્ટ તથા તેમનો સ્ટાફ.

# તા.૧૪/૦૯/૨૦૨૧ - મહિલા સુરક્ષા દિવસ







ખેરગામ તાલુકા P.S.I. એસ. એસ. માલ મેડમ તથા ખેરગામ તાલુકાની આગેવાન મહિલાઓને કૉલેજના આચાર્યશ્રી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળના પ્રમુખશ્રી અંકુરભાઈ શુક્લ દ્વારા મહિલા સુરક્ષા દિવસ નિમિત્તે સન્માન કરવામાં આવ્યું.

## ૬. નાટ્યધારા :

### તા. ૨૬/૦૧/૨૦૨૨ – પ્રજાસત્તાક દિન



નાટ્ય પ્રસ્તુતિ કરતા વિદ્યાર્થીઓ